તા. 08-06-2024

સમય : સવારે 7.45(નેશનલ)

# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 08-06-2024 સવારે : 7.45 થી 7.55

વાર : શનિવાર

આકાશવાણી

સમાચાર જયેશ વેગડા વાંચે છે.

---

- ✓ કાર્યવાહક પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે રાષ્ટ્રપતિ ભવન ખાતે સાંજે ૭.૧૫ કલાકે મંત્રી મંડળના સભ્યો સાથે શપથ લેશે.
- ✓ ટીડીપીના પ્રમુખ એન.ચંદ્રબાબુ નાયડુ ૧૨ જુને આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી પદના શપથ લેશે.
- ✓ મે મહિનામાં દેશના મોટાભાગના વિસ્તારોમાં અત્યાર સુધીની સૌથી વધુ ગરમી નોંધાઇ.
- ✓ છત્તીસગઢમાં સલામતી દળો સાથેની અથડામણમાં પાંચ નકસલવાદીઓ ઠાર.
- ✓ એફઆઇએચ હોકી પ્રો-લીગમાં આજે ભારત જર્મની સામે ટકરાશે.
- ✓ ફ્રેન્ચ ઓપન ટેનીસ પુરુષ સિંગલની ફાઇનલમાં સ્પેનના કાર્લોસ અલ્કરાઝનો પ્રવેશ.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

તા. 08-06-2024

સમય : સવારે 7.45(નેશનલ)

# PM SHAPATH

કાર્યવાહક પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈ કાલે સાંજે રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુ સાથે મુલાકાત કરીને સરકાર રચવાનો દાવો કર્યો હતો. રાષ્ટ્રપતિએ નરેન્દ્ર મોદીને સરકાર રચવાનું આમંત્રણ આપતો પત્ર સોંપ્યો હતો..રવિવારે સાંજે 7-15 વાગે રાષ્ટ્રપતિભવન ખાતે શપથગ્રહણ સમારોહ યોજાશે, જેમાં રાષ્ટ્રપતિ મૂર્મુ એનડીએ સંસદીય દળના નેતા નરેન્દ્ર મોદી અને તેમની કેબિનેટનાં કેટલાંક સભ્યોને શપથ લેવડાવશે.

અગાઉ, ભાજપ પ્રમુખ જેપી નડ્ડાના વડપણ હેઠળ એનડીએનું પ્રતિનિધિમંડળ રાષ્ટ્રપતિને મળ્યું હતું અને નરેન્દ્ર મોદીને ભાજપ સંસદીય પક્ષના નેતા તરીકે ચૂંટી કાઢ્યા હોવાનો પત્ર સુપ્રત કર્યો હતો. એનડીએનાં ઘટક પક્ષોનો ટેકો ધરાવતા પત્રો પણ રાષ્ટ્રપતિને સુપ્રત કરવામાં આવ્યા હતા.

સરકાર રચવાનો દાવો કર્યા બાદ નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રપતિ ભવનના પરિસરમાં પત્રકાર પરિષદ સંબોધી હતી. તેમણે સંબોધન કરતાં કહ્યું હતુંકે તેઓ અને તેમની સરકાર નવમી જૂનના રોજ શપથ લેશે.. તેમણે માધ્યમોને કરેલા સંબોધનમાં જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિને મંત્રીમંડળની યાદી સોંપવામાં આવશે. તેમણે જણાવ્યું કે, દેશની જનતાએ એનડીએને ત્રીજી વાર સરકાર રચવા માટે જનાદેશ આપ્યો છે અને આગામી પાંચ વર્ષ વૈશ્વિક સ્તરે ભારતની શાખ વધારનારા હશે.. 18મી લોકસભા નવી અને યુવા ઊર્જાથી ભરપૂર છે. અમારી સરકાર દેશનાં લોકોની આશા અને અપેક્ષાઓને પૂર્ણ કરશે.

અગાઉ ગઈ કાલે બપોરે સંવિધાન સદનનાં મધ્યસ્થ ખંડમાં યોજાયેલી એનડીએ સંસદીય પક્ષની બેઠકમાં કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે પ્રધાનમંત્રી તરીકે નરેન્દ્ર મોદીનાં નામનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો, જેને કેન્દ્રીય મંત્રીઓ અમિત શાહ, નિતીન ગડકરીએ અનુમોદન આપ્યું હતું. ત્યારબાદ એનડીએનાં તમામ પક્ષોનાં નેતાઓએ શ્રી મોદીને પ્રધાનમંત્રી તરીકે સમર્થન આપ્યું હતું.

# CHANDRABABU NAIDU

તા. 08-06-2024

સમય : સવારે 7.45(નેશનલ)

તેલુગુ દેસમ પાર્ટીના રાષ્ટ્રીય પ્રમુખ એન ચંદ્રાબાબુ નાયડુ 12 જૂને સવારે 11 વાગીને 27 મિનિટે આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી પદનાં શપથ લેશે. વિજયવાડા પાસે શપથગ્રહણ સમારોહ યોજવામાં આવ્યો છે. સમારોહમાં એનડીએનાં વરિષ્ઠ નેતાઓ અને પડોશી રાજ્યોનાં મુખ્યમંત્રીઓ હાજર રહે તેવી સંભાવના છે.

2014માં વિભાજન બાદ અસ્તિત્વમાં આવેલા આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી તરીકે શ્રી નાયડુ બીજી વાર મુખ્યમંત્રી બનશે. આંધ્રના મુખ્યમંત્રી તરીકે ચાર વાર શપથ લેનારા તેઓ પ્રથમ તેલુગુ વ્યક્તિ છે.

175 બેઠકોમાંથી એનડીએનાં ઘટક પક્ષો તેલુગુ દેસમ પાર્ટી,. જનસેના અને ભારતીય જનતા પાર્ટીએ 164 બેઠકો મેળવી છે.

## HEAT WAVE IN MAY

દેશનાં મોટા ભાગનાં વિસ્તારોમાં મે મહિનામાં અત્યાર સુધીની સૌથી વધુ ગરમી પડી હતી. એક અભ્યાસ મુજબ મે મહિનામાં તાપમાન  અગાઉનાં હીટવેવની તુલનામાં 1.5 ડિગ્રી વધુ રહ્યું છે. ખાસ કરીને અલ નિનો અને હાનિકારક ગેસનાં ઉત્સર્જનને કારણે ગરમીમાં સૌથી મોટો ઉછાળો નોંધાયો છે.

હવામાન વૈજ્ઞાનિકો અને સંશોધકોનાં સ્વતંત્ર જૂથ ક્લાઇમા મીટરે 1979થી 2001ના હીટવેવની સરખામણી 2001થી 2003નાં હીટવેવ સાથે કરી હતી.

ઉલ્લેખનીય છે કે વિશ્વભરમાં અત્યારે અલ નિનો અને જળવાયુ પરિવર્તનને કારણે અતિશય ગરમી અને ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે.

## NAXALITES DEAD

છત્તીસગઢના નારાયણપુર જિલ્લામાં શુક્રવારે સલામતી દળોએ એક અથડામણમાં પાંચ નક્સલવાદીઓને ઠાર માર્યા હતા. આ અથડામણમાં ત્રણ જવાનોને ઇજા થઈ હતી. આ સાથે આ વર્ષમાં રાજ્યમાં સલામતી દળો સાથેની વિવિધ અથડામણોમાં 122 નક્સલવાદીઓનાં મૃત્યુ થયા છે.

તા. 08-06-2024

સમય : સવારે 7.45(નેશનલ)

એક વરિષ્ઠ પોલિસ અધિકારીએ જણાવ્યું હતું કે, જિલ્લાના ઓરછા વિસ્તારનાં ગોબેલ ગામ પાસેનાં જંગલમાં સલામતી કર્મચારીઓની સંયુક્ત ટૂકડી નક્સલવાદ વિરોધી અભિયાન ચલાવી રહી ત્યારે આ અથડામણ શરૂ થઈ હતી. ગોળીબાર બંધ થયા પછી ઘટનાસ્થળેથી પાંચ નક્સલીઓનાં મૃતદેહ અને કેટલાંક શસ્ત્રો મળી આવ્યા હતા. આ અથડામણમાં સલામતી દળનાં ત્રણ જવાનોને પણ ઇજા થઈ હતી.

## CBI-CHARGE SHEET

કેન્દ્રિય તપાસ સંસ્થાએ કથિત જમીન સામે નોકરી આપવાના કૌભાંડ કેસમાં ભૂતપૂર્વ રેલવે મંત્રી લાલુપ્રસાદ યાદવ, તેમના પરિવારના સભ્યો અને અન્યો સામે ગઇકાલે અંતિમ આરોપનામું દાખલ કર્યું છે. વિશેષ અદાલતે આરોપનામા પર વિચારણા માટે કેસને 6 જુલાઈના રોજ સૂચિબદ્ધ કર્યો છે.

અગાઉ, 4 ઓક્ટોબર, 2023 ના રોજ અદાલતે આ કેસમાં નવી ચાર્જશીટના સંબંધમાં પૂર્વ રેલ્વે મંત્રી લાલુપ્રસાદ યાદવ, બિહારના પૂર્વ ઉપમુખ્યમંત્રી તેજસ્વી યાદવ સહિત રાબડી દેવી અને અન્યને જામીન આપ્યા હતા.

અન્ય એક કેસમાં કેન્દ્રિય તપાસ સંસ્થાએ દારૂ નીતિ કૌભાંડ કેસમાં દિલ્હીની એક અદાલત સમક્ષ ભારત રાષ્ટ્ર સમિતિના નેતા કે કવિતા સામે પૂરક ચાર્જશીટ દાખલ કરી હતી. વિશેષ ન્યાયાધીશ કાવેરી બાવેજાએ આ કેસની સુનાવણી 6 જુલાઈના રોજ નક્કી કરી છે. અદાલતે  કવિતાની ન્યાયિક કસ્ટડી 21 જૂન સુધી લંબાવી છે.

## *MID BREAK- NEWS- NATIONAL*

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

## T-20 WORLD CUP..

તા. 08-06-2024

સમય : સવારે 7.45(નેશનલ)

ટી 20 ક્રિકેટ વિશ્વકપમાં ગઇ કાલે કેપ્ટન રિચી બેરિંગ્ટન અને માઇકલ લિયાસ્કની શાનદાર રમતની મદદથી સ્કોટલેન્ડે નામિબિયાને પાંચ વિકેટે હરાવ્યું હતું. આ સાથે સ્કોટલેન્ડે ગ્રુપ-બીમાં મોખરાનું સ્થાન હાંસલ કરી લીધું છે. નામિબિયાએ 20 ઓવરમાં નવ વિકેટે 155 રન બનાવ્યા હતા. જવાબમાં સ્કોટલેન્ડે નવ બોલ બાકી હતા ત્યારે પાંચ વિકેટનાં ભોગે લક્ષ્યાંક પાર કર્યો હતો.

દરમિયાન, વિશ્વકપની બીજી મેચમાં કેનેડાની ટીમે આયર્લેન્ડને 12 રને હરાવ્યું હતું. કેનેડાએ પ્રથમ બેટિંગ કરતા 20 ઓવરમાં સાત વિકેટે 137 રન બનાવ્યા હતા. જવાબમાં આયર્લેન્ડ 20 ઓવરમાં 125 રન બનાવી શક્યું હતું. આ સાથે કેનેડાએ ટી 20 વિશ્વકપમાં જીતનું ખાતું ખોલાવ્યું છે.

આજે ટી 20 વિશ્વકપમાં ચાર મેચ રમાશે. પ્રોવિડન્સ ગુયાના ખાતે ન્યૂઝીલેન્ડ અને અફઘાનિસ્તાન વચ્ચે મેચ ચાલી રહી છે. અફઘાનિસ્તાને 20 ઓવરમાં છ વિકેટે 159 રન બનાવ્યા છે. છેલ્લાં સમાચાર મળ્યા ત્યારે

ન્યૂઝીલેન્ડે ૮ ઓવરમાં ૪૩ રન બનાવ્યા હતા. પાંચ વિકેટ ગુમાવી છે.

આ ઉપરાંત, બાંગલાદેશ-શ્રીલંકા, નેધર્લેન્ડસ-શ્રીલંકા અને  ઇંગલેન્ડ-ઓસ્ટ્રેલિયા વચ્ચે મેચો રમાશે.

## FIH HOCKEY- PRO LEAGUE

FIH હોકી પ્રો લીગ 24માં ભારતીય હોકી ટીમનો આજે જર્મની સામે અને આવતીકાલે ગ્રેટ બ્રિટન સામે મુકાબલો થશે, આ અંતિમ બે મેચ સાથે જ આ સ્પર્ધામાં ભારતીય ટીમના અભિયાનનો અંત થશે. ભારતીય પુરુષ હોકી ટીમ પોઈન્ટ ટેબલમાં ચોથા સ્થાને છે. ભારતીય પુરુષ હોકી ટીમે અત્યાર સુધી 14 મેચમાં 24 પોઈન્ટ મેળવ્યા છે. જ્યારે જર્મની અને ગ્રેટ બ્રિટન અનુક્રમે છઠ્ઠા અને સાતમા ક્રમે છે, જેમણે FIH હોકી પ્રો લીગમાં અત્યાર સુધી 7 મેચ રમી છે.

## REV. NT. FRENCH OPEN- SEMI FINAL

તા. 08-06-2024

સમય : સવારે 7.45(નેશનલ)

ફ્રેન્ચ ઓપન ટેનિસ પુરુષ સિંગલ્સની સેમિફાઇનલ મેચમાં સ્પેનના કાર્લોસ અલ્કારાઝ ગાર્ફિયાએ ઇટાલીના જાનિક સિનરને 2-6, 6-3, 3-6, 6-4, 6-3થી હરાવી તેની પ્રથમ ફ્રેન્ચ ઓપન સ્પર્ધાની ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. સ્પેનનો 21 વર્ષીય અલ્કારાઝ ગ્રાન્ડ સ્લેમ ટાઇટલ સુધી પહોંચનાર સૌથી ઓછી નાની વયનો ખેલાડી બન્યો છે. અલ્કારાઝે 2022માં યુએસ ઓપન, 2023માં વિમ્બલ્ડન જીત્યાબાદ આ ચેમ્પિયનશિપ માટે રમશે.

ગઇકાલે રાત્રે રમાયેલી બીજી સેમીફાઈનલમાં ચોથા ક્રમાંકિત જર્મનીના એલેક્ઝાન્ડર ઝવેરેવે સાતમાં ક્રમાંકિત નોર્વેના કેસ્પર રુડને 2-6, 6-2, 6-4, 6-2થી હરાવી ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. હવે અલકારાઝ આવતીકાલે ફાઇનલમાં એલેક્ઝાન્ડર ઝવેરેવ સામે ટકરાશે. બીજી તરફ મહિલા સિંગલ્સની ફાઈનલ આજે ટોચની ક્રમાંકિત પોલેન્ડની ઈગા સ્વાઇટેક અને ઈટાલીની જાસ્મીન પાઓલિની વચ્ચે રમાશે.